प्राचीन गुर्जर ग्रन्थमाला, ग्रन्थ १

नेमिचन्द्र भंडारी-विरचित

# षष्टिशतक प्रकरण

## त्रण बालावबोध सहित

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा

महाराजा सयाजीराव विश्वविद्यालय,
वडोदरा-संचालित

**प्राचीन गुर्जर ग्रन्थमाला**

सामान्य संपादक

**डॉ. भोगीलाल ज. सांडेसरा,**
एम. ए., पीएच. डी.
अध्यक्ष, गुजराती विभाग,
म. स. विश्वविद्यालय, वडोदरा.

卐

ग्रन्थ १

नेमिचन्द्र भंडारी-विरचित

# षष्टिशतक प्रकरण

त्रण बालावबोध सहित

नेमिचन्द्र भंडारी-विरचित

# षष्टिशतक प्रकरण

## त्रण बालावबोध सहित

प्रस्तावना, परिशिष्टो अने शब्दकोश साथे

संपादक

डॉ. भोगीलाल ज. सांडेसरा

श्रीमती हंसाबहेन महेता

वाइस-चान्सेलर, म. स. विश्वविद्यालय-वडोदरा,

एमना आमुख सहित

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम्

महाराजा सयाजीराव विश्वविद्यालय, वडोदरा

प्रकाशक
डॅा. भोगीलाल ज. सांडेसरा,
अध्यक्ष, गुजराती विभाग,
म. स. विश्वविद्यालय,
वडोदरा.

आवृत्ति पहेली
प्रत ५००

वि. सं. २००९
ई. स. १९५३

मूल्य पांच रूपिया

प्राप्तिस्थान
प्राच्य विद्यामन्दिर,
वडोदरा.

मुद्रक
रमणलाल जी. पटेल, व्यवस्थापक,
साधना प्रेस, रावपुरा, वडोदरा.

# आमुख

प्राच्य विद्यामंदिर तरफथी मुख्यत्वे संस्कृत हस्तलिखित पोथीओ मेळवी एमांथी योग्य पोथीनुं प्रकाशन वर्षोथी चाली रह्युं छे. 'गायकवाड ओरियेन्टल सिरीझ' मां एवां सो उपरांत पुस्तको प्रसिद्ध थयां छे. जूना गुजराती साहित्यनो हस्तलिखित भंडार पण विपुल छे. एमांथी योग्य साहित्यनुं प्रकाशन पण इच्छवा योग्य छे. आ हेतु लक्षमां राखी, वडोदरा विश्वविद्यालयना गुजराती विभाग द्वारा प्राचीन गुर्जर ग्रन्थमालानी योजना तैयार करवामां आवी छे. ए योजना अनुसार आ प्रथम पुस्तक बहार पडे छे, अने एवुं एक पुस्तक दर वर्षे बहार पाडवानी आशा रखाय छे.

आ प्रकारना संशोधननो उपयोग एकदम पहेली नजरे चढे नहि ए स्वाभाविक छे. परंतु भाषानी दृष्टिए तेम ज सामाजिक इतिहासनी दृष्टिए आ प्रकारनां संशोधनो पुष्कळ प्रकाश पाडे छे अने माटे ज उपयोगी छे. आ पुस्तकना निवेदनमां डॉ. सांडेसरा लखे छे के :— "आ ग्रन्थमालामां प्रसिद्ध थती कृतिओ तथा एना शब्दकोशो ऐतिहासिक गुजराती शब्दकोश माटे सामग्री पूरी पाडशे तथा अन्य भगिनीभाषाओना प्राचीनतर युगोना अध्ययनमां पण उपयोगी थशे एवी आशा छे." पुस्तक पाछळ जे शब्दकोश आप्यो छे ते भाषानी दृष्टिए अतिशय उपयोगी थई पडशे एमां तो जरा पण शंका नथी. आशा छे के आ प्रकाशननो गुजरातना विद्वानो तेम ज अन्य भाषाशास्त्रीओ योग्य सत्कार करे.

ता. १४-२-'५३.

**हंसा महेता**

# अनुक्रम


| | |
|---|---|
| आमुख .... .... .... .... | .. |
| निवेदन .... .... .... .... | १-३ |
| प्रस्तावना .... .... .... .... | ४-२९ |
| जूनुं गुजराती गद्य–४; 'बालावबोध' एटले शुं ?–७; 'षष्टिशतक प्रकरण' अने तेनो कर्ता–९; 'षष्टिशतक'ना बालावबोधकारो–(१) सोमसुन्दरसूरि–१३; (२) जिनसागरसूरि–१४; (३) मेरुसुन्दर उपाध्याय–१५; 'षष्टिशतक'ना अन्य बालावबोधो–२२; हाथप्रतो अने संपादन–२४; अनुलेख–२८. | |
| षष्टिशतक प्रकरण–त्रण बालावबोध सहित.... .... | १-१६० |
| परिशिष्ट १. नेमिचन्द्र भंडारी-विरचित जिनवल्लभसूरि गुरुगुणवर्णन.... | १६१-६५ |
| परिशिष्ट २. नेमिचन्द्र भंडारी-विरचित पार्श्वनाथ स्तोत्र.... | १६६ |
| 'षष्टिशतक' नी प्राकृत गाथाओनी सूचि .... | १६७-६९ |
| शब्दकोश .... .... .... .... | १७०-९३ |


मुखपृष्ठ–उपयोगमां लेवायेली हस्तप्रतोमांथी त्रणना फोटा

## शुद्धिपत्रक

| पृष्ठ | पंक्ति | अशुद्ध | शुद्ध |
| --- | --- | --- | --- |
| ३ | ९ | दीक्षादि वरावी | दीक्षा दिवरावी |
| ८० | १८ | नाणनी | जाणनी |
| ८९ | १६ | आंगी गमइं | आंगीगमइं |
| ९५ | ४ | आज्ञारइितहूइं | आज्ञारहितहूइं |
| १७५ | १७ | आंगीगमई | आंगीगमइं |
| ,, | ,, | ए. व. | ब. व. |

# निवेदन

वडोदराना म. स. विश्वविद्यालयनी कार्यवाहक सभाए ( सीन्डिकेटे ) मंजूर करेली योजना अनुसार, आ 'प्राचीन गुर्जर ग्रन्थमाला' शरू थाय छे. प्राचीन गुजराती साहित्यनी अप्रसिद्ध कृतिओनी समीक्षित वाचनाओनुं प्रकाशन सामान्य रीते एमां थशे, परन्तु आ पहेलां छपाई गयेली छतां जेनां शास्त्रीय संपादनो न थयां होय एवी विशिष्ट रचनाओनी समीक्षित वाचनाओने तथा प्रसिद्ध के अप्रसिद्ध रचनाओमांथी अभ्यासनी दृष्टिए करेला समुच्चयोने पण एमां स्थान रहेशे. प्रत्येक संपादन साथे प्रस्तावना उपरांत ते ते कृतिमां प्रयोजायेला नोंधपात्र शब्दोनो एक कोश आपवामां आवशे, जेमां ए शब्दो उपर व्युत्पत्ति तेम ज अर्थविकासनी दृष्टिए संक्षिप्त टांचणो अपाशे. जूना गुजराती भाषासाहित्यना तुलनात्मक अध्ययनमां उपयोगी थाय ए प्रकारना स्वाध्यायग्रन्थोने पण प्रसंगोपात्त आ ग्रन्थमालामां अवकाश रहेशे.

विक्रमना बारमा शतकमां थयेला, अपभ्रंश व्याकरणकार आचार्य हेमचन्द्रना समयथी मांडी ओगणीसमा शतक सुधी जूना गुजराती साहित्यमां रचायेला सेंकडो ग्रन्थो हजी अप्रसिद्ध छे. ए विपुल साहित्य-भंडारमांथी पसंद करेली, जुदा जुदा साहित्यप्रकारोनी प्रतिनिधिरूप गद्यपद्यात्मक कृतिओनुं प्रकाशन ते ते कृतिरूपे अगत्यनुं होवा उपरांत ते ते साहित्यप्रकारना विकासना अध्ययनमां घणुं उपयोगी छे.

शक सं. ६९९ ( वि. सं. ८३४ )मां 'कुवलयमाला' नामे सुप्रसिद्ध प्राकृत कथा रचनार दाक्षिण्यांक उद्योतनसूरिए गुर्जरोनी भाषानो एक नानो नमूनो टांक्यो छे, पण छेल्लां लगभग साडा आठसो वर्ष थयां तो

प्राचीन गुर्जर साहित्य बहोळा प्रमाणमां उपलब्ध छे. काळना प्रवाहमां घणुं नाश पाम्युं हशे, परन्तु जे बच्युं छे ते पण विपुल छे. विक्रमना बारमा शतकथी आ तरफ आवतां एक पण शताब्दी एवी नथी, जेमां जूना गुजराती साहित्यमां विकसेला विविध साहित्यप्रकारोना प्रतिनिधिरूप नमूना मळता न होय. गुजराती भाषानो शताब्दीवार सिलसिलाबंध इतिहास उकेलवा माटे, जगतनी कोई पण भाषाने ईर्ष्या आवे एवी वैविध्यपूर्ण अने सुसंगोपित पुष्कळ साधनसामग्री बहुसंख्य हस्तप्रतोरूपे विद्यमान छे एने एक सद्‌भाग्य गणवुं जोईए. गुजराती भाषा माटे ऐतिहासिक सिद्धान्तानुसार रचायेला बृहद् कोशनी जरूरियात घणा समयथी ऊभेली छे—एवो कोश, जेमां बहोळो शब्दसंचय के क्रमिक व्युत्पत्ति आपी होय एटलुं ज नहि, पण साहित्यिक प्रमाणो अने अवतरणोने आधारे कालानुक्रमिक अर्थविकास बतावेलो होय. पण एवा कोशना व्यवस्थित कार्यनो आरंभ थाय त्यार पहेलां केटलांक भूमिकारूप कामो—जूना ग्रन्थोनी शास्त्रीय वाचनाओ अथवा ते ते ग्रन्थना अने विशिष्ट युगोना शब्दकोशनी रचनानां तथा विशिष्ट शब्दो के शब्दसमूहोना कालानुक्रमिक अध्ययननां कामो—थवां जोईए. आ ग्रन्थमालाना प्रकाशनमां आ रीतनुं भूमिकारूप अध्ययन रजू करवानो ख्याल पण रहेलो छे. आ ग्रन्थमालामां प्रसिद्ध थती कृतिओ तथा एना शब्दकोशो* ऐतिहासिक गुजराती शब्दकोश माटे सामग्री पूरी

---

* छेवटनां केटलांक वर्षोमां आ देशमां तेम ज परदेशमां थयेलां नव्य भारतीय आर्यभाषाना जूना ग्रन्थोनां संपादनोमां संपादित कृतिना प्रत्येक शब्दनी सूचि अपाती घणी वार जोवामां आवे छे. ज्यारे छूटक छूटक रूपे एकाद कृतिनुं संपादन थतुं होय त्यारे आ प्रकारनी संपूर्ण शब्दसूचिनी उपयोगिता खरी, पण एक ग्रन्थमालाना प्रत्येक ग्रन्थ माटे जो एम करवामां आवे तो बीजा ज प्रकाशनथी एमां बिनजरूरी पुनरावृत्तिनो दोष अनिवार्य रीते आवे अने संपादकना समयनो अने मुद्रणनां नाणांनो निरर्थक व्यय वधे. आथी पसंद करेला शब्दोनो कोश

पाडशे तथा अन्य भगिनीभाषाओना प्राचीनतर युगोना अध्ययनमां पण उपयोगी थशे एवी आशा छे.

आम साहित्य तेम ज भाषाना तुलनात्मक अने ऐतिहासिक अभ्यासनो द्विविध उद्देश आ ग्रन्थमालाना प्रकाशनमां छे. आ विषयना विद्यार्थीओ अने अभ्यासीओने आ रीते जुदा जुदा दृष्टिकोणथी उपयोगी थाय एवां प्रकाशनो आपवा माटे अमे सतत प्रयत्नशील रहीशुं. योग्य सूचनो द्वारा तथा प्रकाशनोनां विवेचनो द्वारा आ कार्यमां सहकार आपवा तज्ज्ञोने विनंती छे.

'अध्यापकनिवास,'
वडोदरा.
कार्तिकी पूर्णिमा, सं. २००९.

**भोगीलाल जयचंदभाई सांडेसरा**
सामान्य संपादक.

---

आपवानी पद्धति सामान्य रीते आ संपादनोमां रहेशे. जो के टूंकी तेम ज कोई एक अपेक्षाए विशिष्ट कृतिना संपादनमां, जरूर जणाये, सर्व शब्दोनो कोश न आपी शकाय एवुं नथी.

# प्रस्तावना

## जूनुं गुजराती गद्य

जूना गुजराती साहित्यमां गद्य लखाणो अणछतां के विरल हतां एवो एक सामान्य ख्याल प्रवर्ते छे, पण जूना साहित्यनी शोध थती जाय छे तेम तेम ए ख्याल प्रमाणपुरःसर नथी ए निश्चित थाय छे. ठेठ विक्रमना चौदमा शतकथी मांडी जूनी गुजरातीमां ( अथवा डॉ. टेसीटरीए प्रचलित करेलो शब्द वापरीए तो जूनी पश्चिम राजस्थानीमां )* गद्यसाहित्य मळे छे अने उत्तरोत्तर एनुं वैपुल्य वधतुं जाय छे. अर्वाचीन काळमां गद्य साहित्यना घणाखरा प्रकारोनुं वाहन बन्युं छे

---

* सोळमा सैकामां तथा त्यार पहेलांना समयमां 'जूनी गुजराती' अने 'जूनी पश्चिम राजस्थानी' ए बन्ने शब्दप्रयोगो वडे एक ज वस्तुनो बोध थाय छे. संभवित बोलीभेदोवाळी एक ज सामान्य भाषा गुजरात अने राजस्थानमां—खास करीने पश्चिम राजस्थानमां—बोलाती हती. आ भाषाकीय एकताना कारणमां पूर्वकाळनो राजकीय तेम ज सांस्कृतिक इतिहास रहेलो छे, जेनी वीगतमां ऊतरवुं अहीं प्रस्तुत नथी. पण गुजरातनुं एक वारनुं पाटनगर श्रीमाल अत्यारे राजस्थानमां गणाय छे अने गुजरातनी अनेक ब्राह्मण, वणिक अने कारीगर ज्ञातिओनां नामो सूचित करे छे के एक काळे ए बधो प्रजासमूह अत्यारे जेने पश्चिम राजस्थान कहेवामां आवे छे ए प्रदेशमांथी अत्यारना गुजरातमां आवीने वस्यो हतो, एवी केटलीक हकीकत लक्षमां राखवा जेवी छे. आ ऐतिहासिक पार्श्वभूमिका जो ख्यालमां न होय तो 'जूनी गुजराती' अने 'जूनी पश्चिम राजस्थानी' जेवा प्रयोगो वास्तविक अर्थबोधमां थोडो संभ्रम ऊभो करे खरा. एथी आपणी भाषानी ए प्राचीन भूमिका माटे श्री. उमाशंकर जोषीए 'मारु-गुर्जर' एवो शब्द सूचव्यो हतो. आजे पण राजस्थाननी भाषा एना बंधारणनी दृष्टिए हिन्दी करतां गुजरातीने वधारे मळती छे ए वस्तु आ ऐतिहासिक परिस्थितिना प्रत्यक्ष समर्थनरूप छे. आ 'प्राचीन गुर्जर ग्रन्थमाला'मां आपणी भाषाना आ 'मारु-गुर्जर' युगनी पण केटलीक कृतिओ प्रसिद्ध थशे—अने आ प्रथम पुष्प तो ए युगनुं ज छे—ए कारणे आटलुं स्पष्टीकरण के विषयान्तर जरूरी गण्युं छे.

એવું જો કે એ સમયમાં નહોતું, ગદ્યનું પ્રયોગક્ષેત્ર સીમિત હતું, તો પણ એ સીમિત ક્ષેત્રમાં યે થોડાક અલગ અલગ પ્રકારો મળે છે. સંસ્કૃત કે પ્રાકૃત ગ્રન્થોના અનુવાદ કે ટીકારૂપ બાલાવબોધો; અક્ષરના રૂપના માત્રાના અને લયના બંધનથી મુક્ત છતાં પદ્યમાં લેવાની બધી છૂટ ભોગવતા પ્રાસયુક્ત ગદ્ય–'બોલી'માં રચાયેલાં 'પૃથ્વીચંદ્રચરિત્ર' (સં. ૧૪૭૮) જેવાં ગદ્યકાવ્યો કે 'સભાશૃંગાર' જેવા વર્ણકસંગ્રહો; અજ્ઞાતકર્તૃક 'કાલકાચાર્ય કથા' (સં. ૧૫૫૦ આસપાસ)* જેવી, ક્વચિત્ અલંકાર-પ્રચુર અને ક્વચિત્ સહેલા રસળતા ગદ્યમાં રચાયેલી કથાઓ અને 'કાદંબરી કથાનક' (વિ.ના ૧૮મા શતકનો પૂર્વાર્ધ)+ જેવા કથાસંક્ષેપો; દાર્શનિક ચર્ચાઓ, વાદવિવાદો અને પ્રશ્નોત્તરીઓ; 'ઔક્તિક' તરીકે ઓળખાતા, ગુજરાતી દ્વારા સંસ્કૃત શીખવા માટેના સંખ્યાબંધ વ્યાકરણ-ગ્રન્થો—જેમાં સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા' (સં. ૧૩૩૬) અને કુલમંડનગણિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક' (સં. ૧૪૫૦) જેવાં ભાષાના ઇતિહાસનાં સીમાચિહ્નોનો સમાવેશ થાય છે—એ જૂના ગદ્ય-સાહિત્યના પ્રાપ્ત વિવિધ પ્રકારો છે. અત્યારે ઉપલબ્ધ થતું જૂનું ગદ્ય પણ એટલું વિપુલ છે કે એનું પ્રકાશન કરવામાં આવે તો 'બૃહત્કાવ્ય-દોહન'ના સુપ્રસિદ્ધ ગ્રન્થો જેવડા ઓછામાં ઓછા સો ગ્રન્થો તો સહેજે ભરાય. જો કે જુદા જુદા પ્રાચીન ગ્રન્થભંડારો અને સંગ્રહોમાં જે ગદ્ય-સાહિત્ય મારા જોવામાં આવ્યું છે એ વિચારતાં મને લાગે છે કે આ વિધાનમાં સંભવ અત્યુક્તિનો નહિ પણ અલ્પોક્તિનો છે.

આ ગદ્યસાહિત્યનો માત્ર એક અલ્પ અંશ અત્યાર સુધીમાં બહાર આવ્યો છે. ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં એ ગ્રન્થમાળાના આદ્ય સંપાદક શ્રી. ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલે છપાવેલ 'પ્રાચીન ગુર્જર

---

* પ્રસિદ્ધ, મારા વડે સંપાદિત, 'પ્રસ્થાન,' ફાગણ-ચૈત્ર, સં. ૧૯૮૮

\+ પ્રસિદ્ધ, સં. આચાર્ય જિનવિજયજી, 'પુરાતત્ત્વ,' પુસ્તક ૫, અંક ૪.

काव्यसंग्रह'मां तथा आचार्य जिनविजयजी-संपादित 'प्राचीन गुजराती गद्यसन्दर्भ'मां उपलब्ध प्राचीनतम गद्यसाहित्यनी उत्तम वानगी छे. डॉ. टी. एन. दवेए लंडन युनिवर्सिटी समक्ष रजू करेला पोताना बृहन्निबंधमां (A Study of the Gujarati Language in the 16th Century V. S.) सं. १५४३मां रचायेला 'उपदेशमाला'ना बालावबोधनुं संपादन करेलुं छे. त्यार पछी बृहन्निबंधरूपे आवां एकबे संपादनो थयां छे, पण ते हजी प्रकाशित थयां नथी. गुजरात तथा राजस्थानमांथी बहार पडतां सामयिकोमां केटलीक नानीमोटी प्राचीन गद्यकृतिओ प्रसंगोपात्त प्रसिद्ध थई छे. प्राचीन गद्यनां प्रेरक बळो अर्वाचीन गद्यनां प्रेरक बळोथी विभिन्न छे, अने परिणामे ए बन्ने युगमां विकसेला गद्य-साहित्यप्रकारो पण विभिन्न छे. वळी अर्वाचीन युगमां साहित्यनुं मुख्य वाहन गद्य बन्युं छे अने ए रीते एनुं महत्त्व वध्युं छे. पण जूनामां जूनी उपलब्ध गद्यकृतिओथी मांडी प्राचीन युगना छेल्ला प्रतिनिधि दयारामकृत 'सतसैया' उपरनी स्वरचित गुजराती टीका तथा स्वामीनारायणनां 'वचनामृतो' सुधीनी गद्यरचनाओ उपरथी जूना गुजराती गद्यनां बंधारण अने शैलीनो ऐतिहासिक दृष्टिए कालानुक्रमिक अभ्यास थाय त्यारे विचारोनी स्पष्ट अने रुचिर अभिव्यक्ति माटे जूना गद्यनुं सातत्य अर्वाचीन गद्यमां केटले अंशे रहेलुं छे तथा कई अने केवी नवी लढणो भाषामां विकसी छे ए चोक्कस स्वरूपे समजी शकाय. वळी पद्य करतां गद्य ए बोलाती भाषानुं विशेष निकटवर्ती होय, ए कारणे पण अभ्यास माटे एनुं एक खास महत्त्व छे. आ दृष्टिए नेमिचन्द्रकृत प्राकृत 'षष्टिशतक प्रकरण' उपरना—अनुक्रमे सोमसुन्दरसूरि, जिनसागरसूरि अने मेरुसुन्दर उपाध्यायकृत—त्रण प्राचीन गुजराती बालावबोधोना संपादननुं आ ग्रन्थमालाना प्रथम पुष्परूपे थतुं प्रकाशन अभ्यासीओने उपयोगी थशे एवी आशा छे.

## 'बालावबोध' एटले शुं ?

आ प्रस्तावनाना प्रारंभमां कह्युं छे के बालावबोध ए मूळ संस्कृत के प्राकृत ग्रन्थना अनुवाद के टीकारूपे होय छे. 'बाल' एटले वयमां नहि, पण समज के ज्ञानमां बाल. एना 'अवबोध' माटे थयेली रचनाओ ते 'बालावबोध'. गुजरातीनुं जूनामां जूनुं गद्यसाहित्य जैन शास्त्रग्रन्थोना बालावबोधरूपे छे. बालावबोध आम जो के जैन साहित्यनो शब्द छे, पण एनो अर्थ सहेज विस्तारीने 'भागवत,' 'भगवद्गीता,' 'गीतगोविन्द,' 'चाणक्य नीतिशास्त्र,' 'योगवासिष्ठ,' 'सिंहासनबत्रीसी,' 'पंचाख्यान,' 'गणितसार' आदि जे बीजी अनुवादरूप रचनाओ मळे छे ते माटे पण साहित्यना इतिहासमां ए शब्द प्रयोजी शकाय, केम के आ बधा गद्यानुवादोनो उद्देश एक ज छे. बालावबोधमां केटलीक वार मूळ ग्रन्थोनुं भाषान्तर होय छे, तो केटलीक वार दृष्टान्तकथाओ के अवान्तर चर्चाओ द्वारा मूळनो अनेकगणो विस्तार करेलो होय छे. पण 'बालावबोध'नो जे एक उत्तरकालीन प्रकार 'स्तबक' अथवा 'टबा'रूपे ओळखाय छे एमां मात्र शब्दशः भाषान्तर ज होय छे. एमां 'स्तबक'नी पोथीओनी लेखनपद्धति कारण-भूत छे. बालावबोधना वाचको करतां पण जेमनुं शास्त्रज्ञान मर्यादित होय एवा वाचकोने ध्यानमां राखीने 'स्तबक'नी रचना थयेली छे. एमां पोथीना प्रत्येक पृष्ठ उपर त्रण के चार पंक्ति मोटा अक्षरोमां मूळ शास्त्र-ग्रन्थनी लखवामां आवती अने प्रत्येक पंक्तिनी नीचे झीणा अक्षरोमां एनो अर्थ लखवामां आवतो, जेथी वाचकने प्रत्येक शब्दनो भाव समजवामां सरळता थाय. आ प्रकारनी लेखनपद्धतिने कारणे प्रत्येक पृष्ठ उपर नाना अने मोटा अक्षरोमां लखायेली पंक्तिओनां जाणे के 'स्तबक'—झूमखां रचायां होय एम जणातुं. ए उपरथी आ प्रकारना अनुवादो माटे 'स्तबक' शब्द वपरायो, जेमांथी गुजराती 'टबो' व्युत्पन्न थयो.

बालावबोधना कर्ताओ पोताना विषयना जाणकार विद्वानो हता; ए कारणे एमना अनुवादो शिष्ट होय छे अने शब्दोनी पसंदगी मूळने अनुसरती तेम ज समुचित अर्थनी वाहक होय छे. एमनो प्रथम उद्देश साहित्यिक आनंद आपवानो नहि, पण वाचकने मूळ वस्तुनुं ज्ञान करावववानो छे, छतां तरुणप्रभसूरिकृत 'षडावश्यक बालावबोध' (सं. १४११) जेवी केटलीक रचनाओनां कथानकोमां वर्णकशैलीना अलंकार-प्रचुर गद्यना आगमननी अेंधाणीओ वरताय छे खरी. परन्तु मूळ ग्रन्थने सादी भाषामां समजावववानो 'बालावबोध'ना साहित्यप्रकारनो प्रथम उद्देश छे ते तो भाग्ये ज कोई बालावबोधमां असफल रहेलो जणाशे. जूना गुजराती साहित्यमां बालावबोध पांच-पचीस नहि पण कुडीबंध छे; अने संस्कृत-प्राकृत भाषाओमां संघरायेला शास्त्रज्ञानने लोकभाषाओ द्वारा बहुजनसमाज समक्ष सरल स्वरूपमां मूकवानी जे प्रवृत्ति मध्यकाळमां समस्त भारतवर्षमां नजरे पडे छे ए ज आ बालावबोधोनी बहोळी अनुवादप्रवृत्तिमां पण एक चालक बळरूपे छे एम कहेवामां भाग्ये ज अतिशयोक्ति गणाशे.

एक ज मूल ग्रन्थना एक करतां वधु बालावबोधो जेमां साथोसाथ प्रसिद्ध थता होय एवुं, मने ख्याल छे त्यां सुधी, आ पहेलुं ज प्रकाशन छे. एक ज मूल 'षष्टिशतक प्रकरण'नो त्रण जुदा जुदा विद्वानोए करेलो अनुवाद एमां एक साथे जोई शकाशे. ए त्रणे विद्वानो लगभग एक ज समयमां थयेला छे; सोमसुन्दरसूरिनो बालावबोध विक्रमना पंदरमा शतकना अंतमां रचायेल छे, ज्यारे जिनसागरसूरि अने मेरुसुन्दर उपाध्यायना बालावबोधो विक्रमना सोळमा शतकना प्रारंभमां रचाया छे. रचना उपरथी जणाय छे के त्रणेनो आशय मूळनी अनुवादरूप समजूती आपवानो छे; जो के कोई कोई स्थळे त्रणेए थोडोक विस्तार करी दीधो छे. मूळ प्राकृत गाथा तथा ते उपरना त्रणे य बालावबोधो एक साथे छापेला

होवाथी आवां स्थानो अनायासे जोई शकाशे. केटलाक विस्तृत बालावबोधोमां आवे छे एवी अवान्तर चर्चाओ के दृष्टान्तो प्रस्तुत अनुवादोमां नथी. त्रण समसामयिक विद्वानोए एक ज मूल ग्रन्थना करेला त्रण जुदा जुदा गद्यानुवादो मूलना त्रिविध भाषान्तर उपरांत एक ज भावना वाचक विविध शब्दो तेम ज एक मूल शब्दनी तत्कालीन जुदी जुदी अर्थच्छायाओ तथा एना रूपभेदो—जेमां तत्कालीन बोलीभेदोनुं प्रतिबिंब पण पड्युं होय एवो पूरो संभव छे—जाणवामां उपयोगी थशे.

## ‘ षष्टिशतक प्रकरण ’ अने तेनो कर्ता

धर्म के तत्त्वज्ञानने लगता कोई एक विषय उपर प्राकृत पद्यमां रचायेली संक्षिप्त कृतिओने जैन साहित्यमां ‘ प्रकरण ’ कहे छे. ‘ षष्टि-शतक ’ आवुं एक प्रकरण छे, अने एमां १६० गाथाओ छे ( १६१मी गाथा केवल पुष्पिका रूप छे ), ते उपरथी एने ‘ षष्टिशतक ’ नाम आपवामां आवेलुं छे.* एना कर्त्ता नेमिचन्द्र भंडारी नामे श्रावक गृहस्थ छे. आ कृतिनुं चोक्कस रचनावर्ष मळतुं नथी, पण विक्रमना तेरमा शतकमां नेमिचन्द्र विद्यमान हता ए निश्चित छे. जैन श्वेतांबर संप्रदायना खरतर गच्छनी विविध पट्टावलीओमां तेम ज मेरुसुन्दर उपाध्यायकृत बालावबोध ( पृ. २ )मां उल्लेख छे ते प्रमाणे, तेओ मारवाडमां मरोट

---

* मूल ‘षष्टिशतक’ ते उपरनी तपोरत्न अने गुणरत्ननी टीका ( सं. १५०१ ) सहित जैन सत्यविजय ग्रन्थमाळाना छठ्ठा पुष्प तरीके अमदावादथी ई. स. १९२४मां प्रसिद्ध थयेल छे. गुजराती अनुवाद साथे ‘षष्टिशतक’ मूल सं. १९७६मां जामनगर-वाळा पं. हीरालाल हंसराजे छपावेल छे, वळी मोहनलालजी जैन ग्रन्थमाळाना बीजा पुष्प तरीके ई. स. १९१७मां बनारसथी एनो मूळ पाठ बहार पडेल छे. उपर नोंधेली, तपोरत्न अने गुणरत्ननी संस्कृत टीका उपरांत ‘ षष्टिशतक ’ उपर सहज-मंडनकृत व्याख्यान, धर्ममंडनगणिकृत टीका तथा कोई अज्ञात कर्तारचित अवचूरि जाणवामां आवेल छे ( जुओ प्रो. वेलणकरकृत ‘ जिनरत्नकोश ’, पृ. ४०४ ).

गामना वतनी हता. ए काळे जैन संप्रदायमां चैत्यवासी यतिओनुं प्राबल्य हतुं अने महावीरे प्रबोधेला आकरा संयममार्गनी अपेक्षाए एमनामां ठीक ठीक शिथिलाचार प्रवर्तती हतो. आथी 'द्रव्य, क्षेत्र, काल अने भावना मेळथी' सद्गुरुनी शोध करता नेमिचन्द्र पाटणमां आव्या तथा त्यां खरतर गच्छना आचार्य जिनपतिसूरि (सं. १२१०-१२७७)नी चर्या जोई, परम संयमी गुरु तरीके एमना आचारोनुं अवलोकन करी, एमनो उपदेश सांभळीने व्रतो स्वीकार्यां. पछी पोताने वतन पाछा आवीने पोताना पुत्र आंबडने नेमिचन्द्र जिनपतिसूरि पासे लई गया, अने तेमनी पासे पुत्रने महोत्सवपूर्वक दीक्षा अपावी. नेमिचन्द्रना आ पुत्र दीक्षित थया पछी आचार्य जिनेश्वरसूरि (सं. १२४५-१३३१) तरीके प्रसिद्ध थया. आ जिनेश्वरसूरिनी दीक्षानुं वर्णन विक्रमना चौदमा शतकमां थयेला कवि सोममूर्तिकृत 'जिनेश्वरसूरि संयमश्री विवाहवर्णन' ए नामना ३३ कडीना संक्षिप्त काव्यमां छे (प्रसिद्धः श्री. जिनविजयजी संपादित 'जैन ऐतिहासिक गुर्जर काव्यसंचय'मां तथा श्री. अगरचंद नाहटा संपादित 'ऐतिहासिक जैन काव्यसंग्रह'मां).

'षष्टिशतक'नी गाथाओमां शुद्ध धर्म, मिथ्यात्व, सदाचार, सद्गुरु, कुगुरु आदिनुं स्वरूप कर्ताए मुखपाठे करी शकाय एवी गाथाओमां संक्षेपमां समजाव्युं छे. निरूपणमां जे अभिनिवेश अने शिथिलाचार सामेनो प्रकोप जणाय छे एनुं कारण उपर सूचवी छे तेवी ए समयनी धार्मिक-सामाजिक परिस्थितिमां रहेलुं छे.

वळी आ प्रकरणनी रचनामां नेमिचन्द्रथी थोडा ज समय पूर्वे थई गयेला आचार्य जिनवल्लभसूरि (स्वर्गवास सं. ११६७)कृत 'पिंड-विशुद्धि प्रकरण'नुं वाचन पण एक प्रेरक कारण हतुं. जिनवल्लभसूरि पहेलां कूर्चपुरगच्छीय चैत्यवासी जिनेश्वरसूरिना शिष्य हता. पण एक

वार 'दशवैकालिक सूत्र' वांचतां, सावद्य औषध आदि करता पोताना अति प्रमादी गुरुने जोई तेओ उद्वेग पाम्या, अने पछी शुद्ध क्रियानिधि, नवांगी वृत्तिकार—जैन आगमसाहित्यनां नव अंगो उपर प्रमाणभूत संस्कृत टीकाओ रचनार–अभयदेवसूरि ( विक्रमना बारमा शतकनो पूर्वार्ध ) पासे जई शास्त्राध्ययन कर्युं अने एमना शिष्य थया, तथा 'पिंडविशुद्धि प्रकरण', 'सार्ध शतक' आदि संख्याबंध ग्रन्थो रच्या.* जिनवल्लभ-सूरिए जे चैत्यो बंधाव्यां एने 'विधिचैत्य' नाम आपी एमां शास्त्रविरुद्ध कार्य थाय नहि ए प्रकारना श्लोको तेमणे कोतराव्या.+ नेमिचन्द्रने पोताना अनुभव अने अवलोकनने परिणामे जे कहेवानुं हतुं एने आ

---

* 'खरतर गच्छ पट्टावली संग्रह' ( सं. जिनविजयजी ), पृ. १०-२४.

+ सामाजिक इतिहासनी दृष्टिए रसप्रद एवा, एमांना बे श्लोक नीचे प्रमाणे छे—

अत्रोत्सूत्रजनक्रमो न च न च स्नात्रं रजन्यां सदा
साधूनां ममताश्रयो न च न च स्त्रीणां प्रवेशो निशि ।
जातिज्ञातिकदाग्रहो न च न च श्राद्धेषु ताम्बूलमि-
त्याज्ञाऽत्रेयमनिश्रिते विधिकृते श्रीजैनचैत्यालये ॥

( अर्थात् अनिश्राए विधिपूर्वक थयेला आ जैन चैत्यमां एवी आज्ञा छे के एमां उत्सूत्र जनोनो संचार नथी, एमां रात्रे स्नात्र-स्नान नथी, साधुओए एमां ममतापूर्वक रहेवानुं नथी, एमां रात्रे स्त्रीओने प्रवेश नथी, एमां जाति अने ज्ञातिनो कदाग्रह नथी, अने एमां श्रावकोए तांबूल खावानुं नथी. )

इह न खलु निषेधः कस्यचिद् वन्दनादौ
श्रुतविधिबहुमानी त्वत्र सर्वोऽधिकारी ।
त्रिचतुरजनदृष्ट्या चात्र चैत्यार्थवृद्धि-
व्ययविनिमयरक्षाचैत्यकृत्यादि कार्यम् ॥

( अर्थात् अहीं कोईने पण वंदनादिनो निषेध नथी, शास्त्रविधिने मान आपनार सौ कोईनो अहीं अधिकार छे, आ चैत्यना धननी वृद्धि व्यय विनिमय रक्षा तथा धार्मिक कार्यो त्रणचार जणनी नजर नीचे करवानां छे. )

'षष्टिशतक'नी १६१मी गाथामां 'विधिमार्गरत भव्य' जनो माटे पोते ए रचना करी होवानुं नेमिचन्द्रे कह्युं छे ते आ साथे सरखाववा जेवुं छे.

पूर्वकालीन आचार्येना जीवनकार्य अने ग्रन्थरचनाओमांथी अनुमोदन मळ्युं अने परिणामे तेणे 'षष्टिशतक'नी गाथा १०७-८मां तथा १२९मां जिनवल्लभसूरिने बहुमानपूर्वक बिरदाव्या छे अने 'प्रभु जिनवल्लभ जेवा तो मात्र जिनवल्लभ छे' (पहु जिणवल्लहसरिसो पुणो वि जिणवल्लहो चेव) एम कहीने एमना प्रत्येनो पोतानो अनन्य भक्तिभाव दर्शाव्यो छे. गाथा १२९ स्पष्ट रीते पुरवार करे छे के नेमिचन्द्र जिनवल्लभसूरिने प्रत्यक्ष मळ्या नहोता, पण जिनवल्लभना ग्रन्थोए ज नेमिचन्द्रना हृदय उपर ऊंडी असर करी हती.* विक्रमना तेरमा शतकनी उत्तरकालीन अपभ्रंशमां नेमिचन्द्रे रचेलुं 'जिनवल्लभसूरि गुरुगुणवर्णन' नामे ३५ कडीनुं काव्य पण ए ज वस्तु पुरवार करे छे (जुओ परिशिष्ट १). नेमिचन्द्रनी बीजी एक रचना पण उपलब्ध छे, अने ते नव गाथाओनुं प्राकृत 'पार्श्वनाथ स्तोत्र'. आ ग्रन्थना परिशिष्ट २ मां ते पहेली ज वार प्रकाशित थाय छे.

एक पूर्वकालीन प्रकरणग्रन्थ, धर्मदास गणिकृत प्राकृत 'उपदेशमाला'नो+ मानभेर उल्लेख नेमिचन्द्रे 'षष्टिशतक'नी ९६मी गाथामां

* 'उपमितिभव प्रपंच कथा' (सं. ९६२)ना कर्ता सिद्धर्षिए पोताथी थोडा ज समय पूर्वे थई गयेला हरिभद्रसूरिनो उल्लेख पोताना 'धर्मबोधकर गुरु' तरीके कर्यो छे अने तेमणे 'ललितविस्तरा' वृत्ति अनागतनो विचार करीने पोताने माटे ज निर्मी होवानुं बहुमानपूर्वक नोंध्युं छे. एक पूर्वकालीन विद्वाने पोतानी आध्यात्मिक दृष्टिने बराबर रुचे एवी कृति लखी ए माटे सिद्धर्षिना ए प्रशंसाना उद्गारो छे. नेमिचन्द्रनो जिनवल्लभसूरि साथेनो आध्यात्मिक संबंध लगभग ए प्रकारनो ज गणी शकाय.

+ जैन अनुश्रुति प्रमाणे, धर्मदासगणि महावीरना शिष्य हता. परन्तु 'उपदेशमाला'नी भाषा तो उत्तरकालीन जैन महाराष्ट्री छे ए जोतां आ अनुश्रुतिने केटले अंशे प्रमाणभूत गणवी ए प्रश्न छे. विक्रमना दशमा सैका करतां तो ए प्राचीनतर छे ज, केम के ए समये थयेला सिद्धर्षिए 'उपदेशमाला' उपर टीका रचेली छे.

कर्यो छे. 'षष्टिशतक'नी सामान्य उपदेशात्मक गाथाओ उपर 'उपदेश-माला'नी असर छे, अने 'षष्टिशतक'ना बालावबोधकारो पण एमांथी वखतोवखत अवतरणो टांके छे (पृ. १५, २२, ५१, ६१, ७०, ९६, ९७, ११६, १२५, १३०, १४१, १५४, १५५).

## 'षष्टिशतक'ना बालावबोधकारो-(१) सोमसुन्दरसूरि

सोमसुन्दरसूरि (सं. १४३०-१४९९) ए तपागच्छना सुप्रसिद्ध आचार्य छे. प्रकांड पंडित होवा साथे तेओ एक शिष्ट ग्रंथकार छे, अने संस्कृत तेम ज गुजरातीमां पद्यात्मक तेम ज गद्यात्मक एमनी संख्याबंध रचनाओ जाणवामां आवेली छे. 'भाष्यत्रयचूर्णि,' 'कल्याणक स्तव,' 'रत्नकोश,' 'नवस्तवी' आदि एमनी संस्कृत धार्मिक कृतिओ छे. गुजराती पद्यमां 'आराधना रास' अने 'नेमिनाथ नवरसफाग' तथा गद्यमां 'उपदेशमाला' (सं. १४८५), 'योगशास्त्र,' षडावश्यक,' 'आराधना पताका,' 'नवतत्त्व,' 'भक्तामर स्तोत्र' आदि उपर तेमणे बालावबोधो रच्या छे.* एमनो 'षष्टिशतक' बालावबोध, एना अंतमां उल्लेख छे ते प्रमाणे, सं. १४९६मां रचायेलो छे. आ प्रतिष्ठित आचार्ये तत्कालीन धार्मिक प्रवृत्तिओमां हंमेशां आगेवानी लीधी हती अने पाटण तथा खंभातना सुप्रसिद्ध प्राचीन पुस्तकभंडारोनी सुव्यवस्था करी हती अने ताडपत्र उपर लखायेला प्राचीनतर ग्रन्थोनुं कागळ उपर संस्करण देवसुन्दरसूरि अने सोमसुन्दरसूरिना मंडळे कर्युं हतुं. सोमसुन्दरसूरिना बहोळा शिष्यमंडळनी साहित्यसेवा पण अनेक दृष्टिए नोंधपात्र छे. एमना केटला ये शिष्यो प्रसिद्ध वादीओ, उपदेशको

* 'उपदेशमाला' अने 'योगशास्त्र'ना बालावबोधोमांथी कथाओ आचार्य जिनविजयजी-संपादित 'प्राचीन गुजराती गद्यसन्दर्भ'मां लेवामां आवी छे.

અને ગ્રન્થકારો હતા. એમના એક શિષ્ય પ્રતિષ્ઠાસોમે રચેલા સંસ્કૃત 'સોમસૌભાગ્ય' મહાકાવ્યમાં એમનું જીવનચરિત ગૂંથેલું છે.*

## (૨) જિનસાગરસૂરિ

બીજા બાલાવબોધકાર જિનસાગરસૂરિ ખરતર ગચ્છની પિપ્પલક શાખાના આચાર્ય છે. તેમણે સં. ૧૫૦૧માં 'ષષ્ટિશતક' ઉપર બાલાવબોધ રચ્યો હતો.+ ગુજરાત અને રાજસ્થાનમાં જુદે જુદે સ્થળે એમણે કરાવેલી મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિના સંખ્યાબંધ લેખો સં. ૧૪૯૧થી સં. ૧૫૧૦ સુધીનાં જુદાં જુદાં વર્ષના મળે છે.§ 'ષષ્ટિશતક'ના બાલાવબોધ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં કેટલીક ગ્રન્થરચના કરેલી છે. પંડિત ઉદયશીલ ગણિના આગ્રહથી તેમણે 'હૈમલઘુવૃત્તિ'ના ચાર અધ્યાયની દીપિકા રચી હતી. વળી એમણે 'કર્પૂરપ્રકરણ' ઉપર અવચૂરિ રચેલી છે, જેનો પ્રથમાદર્શ એમના વિદ્વાન શિષ્ય તથા રાજશેખરકૃત 'કર્પૂરમંજરી' અને સોમપ્રભાચાર્યકૃત 'સિન્દૂરપ્રકર'ના ટીકાકાર ધર્મચન્દ્રે લખ્યો હતો.‡ જિનસાગરસૂરિના હસ્તે વિદ્યાવિસ્તારની કેટલીક પ્રવૃત્તિ થયાના ઉલ્લેખ પણ મળે છે. ઉદાહરણ તરીકે, એમના ઉપદેશથી સં. ૧૪૯૨માં મેવાડના દેવકુલપાટકપુરમાં (અર્થાત્ દેલવાડા ગામમાં) એક ઊકેશવંશીય શ્રાવકે 'આવશ્યક બૃહદ્વૃત્તિ' લખાવી હોવાનો નિર્દેશ મળે છે. વળી એમના

---

* આ પ્રભાવશાળી આચાર્ય અને એમના શિષ્યમંડળની પ્રવૃત્તિઓ માટે જુઓ શ્રી. મોહનલાલ દ. દેસાઈકૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' પૃ. ૪૫૧-૭૧.

+ એ જ, પૃ. ૪૮૬ ઉપર શ્રી. દેસાઈએ એનું રચનાવર્ષ સં. ૧૪૯૧ નોંધ્યું છે, પણ મેં ઉપયોગમાં લીધેલી હાથપ્રતમાં સં. ૧૫૦૧નો સ્પષ્ટ ઉલ્લેખ છે.

§ 'જૈન ગુર્જર કવિઓ,' ભાગ ૨, પૃ. ૬૯૪.

‡ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,' પૃ. ૪૭૫, ૫૧૫

उपदेशथी सं. १४९५मां लखायेली ' धर्मोपदेशमाला वृत्ति 'नी प्रति लींबडीना ग्रन्थभंडारमां सचवायेली छे.*

## (३) मेरुसुन्दर उपाध्याय

जूना गुजराती साहित्यमां मेरुसुन्दर उपाध्याय बालावबोधकार तरीके सुप्रसिद्ध छे. तेओ विक्रमना सोळमा शतकना पूर्वार्धमां थई गया. तेओ खरतर गच्छना आचार्य पांचमा जिनचन्द्रसूरि (सं. १४८७-१५३०)ना शिष्य हता, अने ' षष्टिशतक 'नो बालावबोध एमना पोताना ज कथन प्रमाणे (पृ. ३), एमणे गुरुनी आज्ञाथी बनारसमां रच्यो हतो. मेरुसुन्दरे ' शत्रुंजय स्तवन 'नो बालावबोध सं. १५१८मां तथा तरुणप्रभसूरिकृत ' षडावश्यक बालावबोध 'ने अनुसरीने ए ज ग्रन्थ उपरनो नवो बालावबोध सं. १५२५मां मांडवगढ (मांडु)मां रच्यो हतो. वळी ' शीलोपदेशमाला, ' ' पुष्पमाला प्रकरण, ' ' भक्तामर-स्तोत्र, ' ' वृत्तरत्नाकर, ' ' भावारिवारण, ' ' कल्पप्रकरण, ' ' कर्पूरप्रकर ', ' योगशास्त्र, ' ' पंचनिर्ग्रन्थी ' आदि ग्रन्थो उपरना एमना बालावबोधनी प्रतो आ पहेलां जाणवामां आवेली छे.+ ' षष्टिशतक 'ना बालावबोधमां रचनावर्ष नथी, पण उपरनी वीगतो जोतां विक्रमना सोळमा शतकना पूर्वार्धमां एनी रचना थया विषे शंका नथी. मूळ ग्रन्थना भावने सरल गुजराती गद्यमां, संक्षेपमां रजु करवानी मेरुसुन्दरनी हथोटी प्रशंसापात्र छे, अने एमनी ' उपाध्याय ' पदवी उपरथी अनुमान थाय छे के तेओ शिष्योने भणाववानुं कार्य करता हशे अने ए कार्य करतां करतां शिष्य-हितार्थे आटला बधा मूळ ग्रन्थोने गुजरातीमां उतारवानुं एमने सूझ्युं हशे.

---

* ' जैन गुर्जर कविओ, ' भाग २, पृ. ६९४.

+ ए ज, भाग १, पृ. ६०१-२; भाग ३, पृ. १५८२-८५; ' जैन साहित्यनो संक्षिप्त इतिहास, ' पृ. ५२२.

उपर जणावेली रचनाओ उपरांत नेमिचन्द्रकृत एवा बे बालाव-बोधो जाणवामां आव्या छे, जेनी नोंध आ पहेलां कोई विद्वाने करी नथी. एक छे गुजराती आलंकारिक सोमपुत्र वाग्भटकृत 'वाग्भटालंकार' ( विक्रमना १२मा शतकनो उत्तरार्ध )नो बालावबोध तथा बीजो बौद्ध विद्वान धर्मदासगणिकृत अलंकारग्रन्थ 'विदग्धमुखमंडन'नो बालावबोध. आ बन्ने कृतिओ खास नोंधपात्र एटला माटे छे के संस्कृत अलंकार-ग्रन्थोना बालावबोधो जवल्ले ज मळे छे. 'वाग्भटालंकार'नो बालावबोध मेरुसुन्दरे सं. १५३५मां रचेलो छे; ए ज वर्षमां लखेली एनी २७ पत्रनी शुद्ध प्रति में लगभग अढी वर्ष पहेलां जोधपुरना महाराजाना पुस्तकालयमां जोई हती अने एमांथी थोडी जरूरी नोंध करी लीधी हती. 'विदग्धमुखमंडन'ना बालावबोधनी जोधपुरना जैन भंडारनी एक अपूर्ण हस्तलिखित पोथी उपाध्याय विनयसागरजीए उपयोग माटे मोकली हती. ए प्रति लिपि उपरथी सत्तरमा शतकमां लखायेली जणाय छे. आ बन्ने कृतिओ, उपर कह्युं ते प्रकारे, महत्त्वनी होवाथी एमांथी केटलांक नमूनारूप अवतरण अहीं आपुं छुं. पहेलां **वाग्भटालंकार बालाव-बोधनो** आदि-अंत जोईए—

**आदि—**

॥ र्द० ॥ उँ नमः श्रीश्रुतदेवतायै ॥

सिद्धं सिद्धिदमीश्वरं मघवता संस्तूयमानं परं
स्फूर्जत्संसृतिदुस्तराब्धितरणे चञ्चत्तरीसुन्दरम् ।
आनन्दामलवल्लरीप्रविलसत्प्रत्यग्रधाराधरं
वन्दे नाभिनरेन्द्रनन्दनमहं श्रीमद्युगादीश्वरम् ॥ १ ॥

अनेकसाधुसाध्वीभिः श्रावकश्राविकादिभिः ।
पूरितोऽस्ति धराख्यातो गच्छः खरतराभिधः ॥ २ ॥

तस्मिन् बभूवुरमी नानालब्धिसमाश्रिताः।
सौभाग्यभाग्यनिलयाः श्रीजिनभद्रसूरयः ॥ ३ ।

तेषां गुरूणामुदिते सुपट्टे नानागुणालंकृतचारुवर्ष्मणः।
प्रसन्नचित्ता जयिनस्तु सन्ति भट्टारकाः श्रीजिनचन्द्रसूरयः ॥ ४ ॥

आसाद्य तत्प्रसादं करोति सरलं स्फुटार्थवररचितम्।
इह **मेरुसुन्दरगणिर्वाग्भटबालावबोधनं** चारु ॥ ५ ॥

इहादौ सकलकल्याणमालाललितवल्लरीसजलजलधरसंनिभं विविधार्थसिद्धिवितरणकुशलममलगुणचक्रवालकलितकलेवरं श्रीयुगादीश्वरं स्तुवन्नाह।

**श्रियं दिशतु वो देवः श्रीनाभेयजिनः सदा।**
**मोक्षमार्गं सतां ब्रूते यदागमपदावली** ॥ १ ॥

श्रीनाभेयजिनो देवः श्रीआदिनाथः। वो युष्मभ्यं सदा श्रियं दिशतु ददातु। श्रीनाभेयजिनदेव श्रीआदिनाथ तह्म रहइं सदा श्री लक्ष्मी दिउ। यदागमपदावली सतां सत्पुरुषाणां मोक्षमार्गं ब्रूते। जेह जिनना आगम सिद्धांतना पद वाक्यनी आवली श्रेणि सत्पुरुष रहइं मोक्षमार्ग बोलइ। अन्यस्य कस्यचित् पदानां पङ्क्तिर्दृष्टा सती सतां सत्पुरुषाणां मार्गं प्रकाशयति। अनेराइ कहि पुरुषना पद चरणनी श्रेणि दीठी हूती सत्पुरुषनइ मार्ग प्रकासइ। इसिउ उक्तिलेश जाणिवउ ॥ छ ॥

**साधुशब्दार्थसन्दर्भं गुणालङ्कारभूषितम्।**
**स्फुटरीतिरसोपेतं काव्यं कुर्वीत कीर्त्तये** ॥ २ ॥

कविः काव्यं कुर्वीत। कवीश्वर काव्य करइ। किमर्थं। कीर्तये। कीर्त्तिनइ अर्थि। किंविशिष्टं काव्यम्। साधुशब्दार्थसन्दर्भम्। साधु दोषरहित शोभन छइं जे शब्द नइ अर्थ तेह तणु सन्दर्भ रचनाविशेष छइं। पुनः किंविशिष्टं काव्यम्। गुणालङ्कारभूषितम्। गुण सौंदर्यादिक अलंकार उपमादिक तेहिं भूषित अलंकृत छइ। पुनः किंविशिष्टं काव्यम्। स्फुटरीतिरसोपेतम्। स्फुट प्रकट छइ जे रीति पांचाल्यादिक अनइ

रस शृंगारादिक तेहिं उपेत संयुक्त छइ । तत्र रीतिनामुद्देशः कथ्यते । उक्तं च ।

द्वित्रिपदा पाञ्चाली लाटीया पञ्च सप्त वा यावत् ।
शब्दाः समासवंतो भवति यथाशक्ति गौडीया ॥
असमस्तपदा वैदर्भी रीतिः । इति रीतिचतुष्कम् ॥

द्वित्रीणि वा यदानि यस्यां रीतौ सा पाञ्चाली । बि त्रिणि वा पद हुइं जेणइं रीतिइं ते पांचाली रीति जाणिवी । पंचभिः सप्तभिः पदैर्लाटीया रीतिर्ज्ञातव्या । पांचि अथवा साति पदि लाटीया रीति जाणिवी । यथाशक्ति समासवंतः शब्दा गौडीया रीतिर्भवति । यथाशक्तिइं समास-संयुक्त शब्द हुइ ते गौडीया रीति जाणिवी । असमस्तपदा पृथक्पदा वैदर्भी रीतिर्ज्ञातव्या । समस्त पादि जूइ जूइ पदि वैदर्भी रीति जाणिवी । ईणइ परिइं रीति च्यारिइ जाणिवी । एहिं रीतिसंयुक्त काव्य कीर्त्तिनइ अर्थि हुइ । एतद्विपरीतं तु काव्यं विपरीतफलमेव स्यादिति तात्पर्यार्थः । एह तु विपरीतकाव्य विपरीतफल हुइ इसु तात्पर्यार्थ जाणिवु ॥ छ ॥

**अंत—**

अथ बीभत्समाह ॥

**बीभत्सः स्यात् जुगुप्सातः सोऽहृद्यश्रवणेक्षणात् ।**
**निष्ठीवनास्यभङ्गादिः स्यादत्र महतां न च ॥ ३० ॥**

जुगुप्सातः बीभत्सरसः स्यात् । जुगुप्सा कुत्सित वस्तुनु बीभत्स रस हुइ । विभावादिनस्योपदिशति । स बीभत्सः अहृद्यश्रवणेक्षणात् । निष्ठीवनास्यभङ्गादिः स्यात् । ते बीभत्स रस अहृद्य सूगामणो सांभलिवानु अनइ जोइवानु । निष्ठीवन थूंकिवूं, आस्यभंग मुख मोडवूं इत्येवमादिक हुइ । च अन्यत् अत्र महतां निष्ठीवनास्यभंगादयः प्रायो न वक्तव्या इति ॥ च अनइ महांत गुरूआनइं निष्ठीवन आस्यभंगादिक प्राय सहाजिइ न हुइं ॥ छ ॥

शांतरसमाह ॥

**सम्यग्ज्ञानसमुत्थानः शान्तो निःस्पृहनायकः ।**
**रागद्वेषपरित्यागात् सम्यग्ज्ञानस्य चोद्भवः ॥ ३१ ॥**

सम्यग्ज्ञानसमुत्थानः शान्तो रसः स्यात् । सम्यक् ज्ञाननु ऊपनु शांत रस हुइ । कीदृशः । निःस्पृहनायकः । निःस्पृह निराकांक्षी नायक छइ । च अन्यत् रागद्वेषपरित्यागात् सम्यक् ज्ञानस्य उद्भवो भवेत् । रागद्वेषना परित्याग छांडिवातु सम्यक् ज्ञाननु उद्भव उत्पात्ति हुइ ॥ छ ॥

उपसंहरन्नाह ॥

**दोषैरुज्झितमाश्रितं गुणगणैश्चेतश्चमत्कारिणं**
**नानालङ्कृतिभिः परीतमभितो रीत्या स्फुरन्त्या सताम् ।**
**तैस्तैस्तन्मयतां गतं नवरसैराकल्पकालं कवि-**
**स्रष्टारो रचयन्तु काव्यपुरुषं सारस्वतध्यायिनः ॥ ३२ ॥**

कविस्रष्टार आकल्पकालं कल्पान्तं यावत् काव्यपुरुषं रचयन्तु निष्पादयन्तु । कविस्रष्टा आकल्प कल्पांत जाण काव्यपुरुष रचउ नीपजावउ । कीदृशं । दोषैः श्रुतिकट्वादिभिः उज्झितम् । दोष श्रुतिकट्वादिके उज्झित त्यक्त छइ । तथा गुणगणैः औदार्यादिभिः आश्रितम् । तथा गुणना समूहे औदार्यादिके आश्रित छइ । तथा चेतः चमत्कारिणं । चित्तनइं चमत्कार करतु छइ । नानालङ्कृतिभिः परीतम् । नानाविध अलंकारे परीत युक्त छइ । तथा सतां सत्पुरुषाणां विदुषां वा अभितः स्फुरन्त्या रीत्या तैस्तैः नवरसैः तन्मयतां गतम् । तथा संत विद्वांसनी सविहुं प्रकारि स्फुरंती उल्लसंती रीतिइं करी तेह तेह नवरासि करी तन्मयतागत प्राप्त छइ । किंलक्षणाः कवयः । सारस्वतध्यायिनः । सारस्वतमंत्रनू ध्यान करता छइ ।

श्रीमत् खरतरगच्छे श्रीमज्जिनभद्रसूरींद्राः
तत्पट्टे विजयंते जिनचंद्रजितीश्वरा गुरवः ॥

तेषामंतेवासी वाचकवरमेरुसुंदरः शुचिवाक् ।
चक्रे वाग्भटविहितालंकारस्य प्रवरविवृतिम् ॥
बाणाग्निबाणशशिधरसंख्ये वर्षे विशुद्धतरदिवसे ।
ग्रन्थः समर्थितोऽयं नंदतु यावज्जगति मेरुः ॥

संवत् १५३५ वर्षे श्रीखरतरगच्छे* श्रीमेरुसुंदरोपाध्यायैः वाग्भटालंकार-बालावबोधः कृतोऽयं चिरं नंदता[ त् ] ॥ छ ॥ छ ॥ कल्याणमस्तु ॥ आ० कालासुत श्रीवत्सलखितं ॥ छ ॥ छ ॥ छ ॥ श्री ॥ छ ॥ संवत् १५३५ वर्षे द्वितीय श्रावणे सुदि पंचमी गुरुवासरे इंद्रीग्रामे ऊकेशगच्छे श्रीसिद्धाचार्य-संताने भ. श्रीसिद्धसूरिविजयराज्ये पं० जयरत्नानामुपदेशेन लिखापितोऽयं वाग्भटालंकारबालावबोधः ॥ ई० ॥ ओसवालज्ञातीय मं० तारा भा० रम्माई पु० मं. जगाकेन पु० पहिराजयुतेन भा० रंगूश्रेयसे ॥ शुभं भूयात् दायिकवाचकयोः ॥ श्रीरस्तु ॥

'विदग्धमुखमंडन'ना बालावबोधनी जे एक मात्र प्रति जाणवामां आवेली छे एमां ३५ पत्र मळे छे, पण प्रति अधूरी छे. जो के छेवटना मात्र छ श्लोकनो ज बालावबोध एमां न होई प्रतिने अखंडितकल्प गणी शकाय. अर्थात् मूळ प्रतिनुं छेल्लुं एकाद पत्र गूम थयेलुं होवुं जोईए. आथी **विदग्धमुखमंडन बालावबोध**ना प्रारंभमांथी थोडो नमूनो जोईए—

.... .... ....

.... .... ....

तस्मिन् वराः श्रीजिनभद्रसूरयः सिद्धान्तवारांनिधिपूर्णचन्द्राः ।
सरोषकन्दर्पविमुक्ततीक्ष्णबाणावलीगर्वहरा बभूवुः ॥ ३ ॥
तेषां महानन्दजुषां गुरूणां विशिष्टपट्टे जयिनस्तु सन्ति ।
सरस्वतीदत्तवरा अनेकशिष्याश्रिताः श्रीजिनचन्द्रसूरयः ॥ ४ ॥

* मूळ प्रतमां आ अर्धी पंक्ति उपर कोइए हरताळ फांसेली छे.

संप्राप्य सिद्धिकारणमादेशं मेरुसुन्दरस्तेषाम् ।
कुर्वे बालकबोधं विदग्धमुखमंडनस्य ॥ ९ ॥

शास्त्रारम्भे शास्त्रकारो विशिष्टेष्टदेवतानमस्कारलक्षणं मङ्गलाचरणं करोति। इह तु धर्मदासगणिः विशिष्टेष्टदेवं शौद्धोदनिं स्तुवन् वक्ति। तस्यायमादिश्लोकः।

**सिद्धौषधानि भवदुःखमहागदानां**
**पुण्यात्मनां परमकर्णरसायनानि ।**
**प्रक्षालनैकसलिलानि मनोमलानां**
**शौद्धोदनेः प्रवचनानि चिरं जयन्ति ॥ १ ॥**

शौद्धोदनेर्बौद्धस्य प्रवचनानि चिरं चिरकालं यावत् जयन्ति सर्वोत्कर्षेण वर्तन्ते। शौद्धोदनि बौद्धनां वचन चिरकाल सीम जयवंत वर्त्तइं। किंविशिष्टानि प्रवचनानि। भवदुःखमहागदानां सिद्धौषधानि। भव संसार तणां छइ जे दुःख तेह जि भणित रोग तेह टालिवानइ अर्थि सिद्ध औषध छइ। छ। पुनः किंलक्षणानि वचनानि। पुण्यात्मनां परमकर्णरसायनानि। पुण्यवंतना कर्णनइ विषयि रसायन समान छइ। तथा मनोमलानां प्रक्षालनैकसलिलानि। मनोमल मनना तापक पषालवानइ अर्थि एक सलिल पाणी छइ। छ।

**जयन्ति सन्तः सुकृतैकभाजनं परार्थसम्पादनसद्व्रतस्थिताः।**
**करस्थनीरोपमविश्वदर्शिनो जयन्ति वैदग्ध्यभुवः कवेर्गिरः ॥ २ ॥**

संत साधु जयवंत वर्त्तइं। किंविशिष्टाः संतः। सुकृतैकभाजनं। सुकृत पुण्यनूं एक भाजन पात्र छइं। किंविशिष्टाः संतः। परार्थसम्पादनसद्व्रतस्थिताः। पर अनेरानां अर्थसंपादन कार्यकरण तेह जि भणित सद्व्रत तेहनइ विषयि स्थित रह्यां छइं। तथा करस्थनीरोपमविश्वदर्शिनः। कर हस्तनइ विषयि स्थिर रह्युं छइ जे नीर पाणी तेहनी परिइं अनित्य विश्व देषता छइं। तथा कवेर्गिरः जयन्ति। कवीश्वरनी वाणी जयवंत वर्त्तइं। कथंभूता गिरः। वैदग्ध्यभुवः। वैदग्ध्य चतुरमानी भू उत्पत्तिस्थानक छइ। छ।

आक्रान्तेव महोपलेन मुनिना शप्तेव दुर्वाससा
सातत्यं बत मुद्रितेव जतुना नीतेव मूर्च्छां विषैः ।
बद्धेवातनुरज्जुभिः परगुणान् वक्तुं न शक्ता सती
जिह्वा लोहशलाकया खलमुखे विद्धेव संलक्ष्यते ॥ ३ ॥

जिह्वा परगुणान् वक्तुं अशक्ता सती खलमुखे एवंविधा संलक्ष्यते। जीभ पर अनेराना गुण बोलिवा अशक्त हूंती दुर्जननइ मुखि एहवी दीसइ। उत्प्रेक्ष्यते। महोपलेन महाद्दषदा आक्रान्ता इव। जाणीइ महांत मोटइ पाषाणिइ चांपी हुइ जिसी। उत्प्रेक्ष्यते। दुर्वाससा मुनिना शप्ता इव। जाणीइ किरि दुर्वासा ऋषीश्वरिइं शपी हुइ जिसी। बत इति खेदे। सातत्यं निरंतरं जतुना मुद्रिता इव। अनइ बत इसिइं खेदिं। सदाइं लाषइं मूंद्री हुइ जिसी। तथा विषैः मूर्च्छां नीता इव। विषिं हालाहलि मूर्च्छा पमाडी-हुइ जिसी। उत्प्रेक्ष्यते। अतनुरज्जुभिर्बद्धा इव। जाणीइ किरि मोटे दोरे बांधी हुइ जिसी। उत्प्रेक्ष्यते। लोहशलाकया विद्धा इव। जाणीइ किरि लोहनी शिलाकाइ बांधी हुइ जिसी। छ।

आ बे बालावबोधोमां मूळना श्लोको समजावतां संस्कृत अने गुजरातीनुं जे मिश्रण करवामां आव्युं छे ते ए समये शिष्योने आ प्रकारना ग्रन्थो भणाववानी पद्धतिमां सामान्य होवुं जोईए. जैन आगम-ग्रन्थो उपरनी चूर्णिओना गद्यमां केटलीक वार प्राकृत साथे संस्कृतनो संकर जोवा मळे छे ते आ साथे सरखावी शकाय. जो के उपर्युक्त बालावबोधोमां संस्कृत अने गुजराती वाक्यो साथोसाथ आवतां होवा छतां परस्परथी तद्दन अलग छे; कोई पण वाक्य एमां मिश्रभाषामय ( Macaronic ) भाग्ये ज जोवा मळशे.

## 'षष्टिशतक'ना अन्य बालावबोधो

उपर्युक्त त्रण लेखको-सोमसुन्दरसूरि, जिनसागरसूरि अने मेरुसुन्दर उपाध्याय-कृत बालावबोधो उपरांत 'षष्टिशतक'ना बीजा केटलाक बालावबोध जाणवामां आव्या छे. सने १९५०मां मारा विद्यागुरु पू.

मुनिजी पुण्यविजयजीना सौजन्यथी मने जेसलमेरनी ज्ञानयात्रा करवानो अवसर मळ्यो त्यारे त्यांना किल्लाना भंडारमां 'षष्टिशतक'ना एक बालावबोधनी २४ पत्रनी पोथी जोवामां आवी हती. एमां कर्तानुं नाम नथी, पण आ ग्रन्थमां समावेला उपर्युक्त त्रणे बालावबोधोथी ते भिन्न छे. षष्ठीना मारु-गुर्जर अनुग 'रहइं' अने 'हूइं'ने स्थाने अहीं मारवाडी प्रत्यय 'रउ' (अर्वाचीन 'रो'), 'री' मळे छे, अने ए त्रणे बालावबोध करतां आनी रचना केटलाक दसका पछीथी थई होवानो तर्क थाय छे. लिपि उपरथी पोथी विक्रमना सत्तरमा सैकामां नकल करायेली जणाय छे. आ पुस्तकमां प्रकाशित थयेला बालावबोधो साथे तुलना माटे एनो आदि-अंत अहीं उतारुं छुं.

**आदि—**

प्रणम्य मारुदेवाह्वं जिनं निर्जितमन्मथम् ।
करोमि षष्टिशतके वार्ता सौख्यावबोधिनीम् ॥

**अरिहं देवो सुगुरु सुद्धं धम्मं च पंचनवकारो ।**
**धन्नाण कयत्थाणं निरंतरं वसइ हिययम्मि ॥ १ ॥**

इये गाथानइ विषइ च्यार बोल सारभूत छइ ते कहीइ । किहा ते च्यार बोल । **अरिहं देवो** कहतां अरिहंत देव । **सुगुरु** क० तीर्थंकररी आज्ञाइं करी सहित जे गुरू २ । **सुद्धं धम्मं च** क० सूधउ वीतरागनउ भाष्यउ धर्म्मइ, **पंचनवकारो** क० पांच परमेष्ठिनमस्कार । ए च्यारेइ बोल **धन्नाण** क० जे धन्य भाग्यवंत, **कयत्थाणं** क० कीध्या छइ साध्या छइ जीए अर्थ एहवा जे जीव तियांरइ हीयानइ विषइ **निरंतरं** क० निरंतर सदा सर्वदा ए च्यारेइ वाना **वसइ** क० वसइ ।

हिव बि गाहाइ आपणा आत्मानइ सीख कहइ छइ ।

**अंत—**

इणइ प्रकारइ **भंडारी नेमिचंद** क० नेमिचंद्र भंडारीयइ साजण तणइ पुत्रइ श्रीजिनेश्वरसूरि तणइ पिताइ **रइयाउ** क० नवी जोडी केतली-

एक **गाहाउ** क० गाथा १६१ प्रमाण । जि के **विहिमग्गरया** क० वीतराग देवरउ भाष्यउ मार्ग्ग तीयइ मार्गिइ चालिवा सावधानइ हवा **भव्वा** क० भव्यजीव ते **पढंतु** क० भणंतु । **जाणंतु** क० अर्थ जाणउ जिम सम्यक् प्रकारइ भणतां थकां गुणतां थकां वली मनमाहि अर्थ भावतां थकां अहो जीवो तुम्हे **जंतु सिवं** शाश्वता अनंतो मोष्यरा सुख पामउ ॥ १६१ ॥

इति श्रीनेमिचन्द्रभंडारिकविरचितषष्टिशतकप्रकरणस्य बालावबोध समाप्त ॥ शुभं भवतु ॥

आ उपरांत जेसलमेर अने बीकानेरना प्राचीन ग्रन्थभंडारोमां 'षष्टिशतक' उपरना केटलाक स्तबक (टबा) पण जोवामां आवे छे. क्षमारत्नना शिष्य धर्मदेवे सं. १५१५मां रचेला बालावबोधनी तथा जयसोमकृत स्तबकनी नोंध मळे छे,* पण ए कृतिओनी हाथप्रतो मारा जोवामां आवी नथी. प्रायः विक्रमना १९मा शतकमां थयेला मोहनकृत 'षष्टिशतक'नो दूहामय अनुवाद जैन सत्यविजय ग्रन्थमाळाना 'षष्टि-शतक'ना संस्करण साथे बहार पडेलो छे.

## हाथप्रतो अने संपादन

आ ग्रन्थना संपादनमां कुल चार हस्तलिखित प्रतोनो उपयोग करवामां आव्यो छे. एमां सोमसुन्दरसूरिना बालावबोधनी प्रतो बे छे, ज्यारे जिनसागरसूरि तथा मेरुसुन्दरना बालावबोधनी एक-एक प्रत छे. प्रत्येक प्रतमां बालावबोध उपरांत मूल प्राकृत 'षष्टिशतक'नो पण ते

* 'जिनरत्नकोश,' पृ. ४०४. 'मंत्रीकर्मचन्द्रवंशावलीप्रबन्ध'ना कर्ता खरतरगच्छीय जयसोम विक्रमना १७मा शतकमां थई गया तथा छ कर्मग्रन्थो उपर बालावबोध (सं. १७१६) रचनार तपागच्छीय जशसोम-शिष्य जयसोम १८मा शतकमां थई गया. परन्तु ए बेमांथी कया जयसोमे आ स्तबक रच्यो छे ते 'जिनरत्नकोश'मां जे टूंकी नोंध छे ते उपरथी कही शकाय नहि.

ते बालावबोधकारने संमत एवो पाठ आपेलो छे. आ चारे हस्तलिखित प्रतो पाटणना प्रसिद्ध श्रीहेमचन्द्राचार्य ज्ञानमन्दिरमां राखवामां आवेला संघना भंडारनी छे. बधी ज प्रतो जैन धाटीनी देवनागरी लिपिमां लखायेल छे.

( १ ) सोमसुन्दरसूरिना बालावबोधनी बे प्रतो पैकी पहेली प्रतनो अनुक्रमांक १३४९ छे. एनुं कद १०॥"×४॥" छे अने पत्र २५ छे. प्रत्येक पृष्ठ उपर नियमित रीते १५ पंक्तिओ लखायेली छे. आ प्रतिनी नकल सं. १५१३मां थयेली छे.

( २ ) सोमसुन्दरसूरिना बालावबोधनी बीजी प्रतनो अनुक्रमांक १३५० छे. एनुं कद १०॥"×४॥" छे अने पत्र ४२ छे. जो के एनुं १२मुं पत्र मळतुं नथी. प्रत्येक पृष्ठ उपर ११ पंक्ति लखेली छे. आ प्रतिमां नकल कर्यानुं वर्ष नथी, पण लिपि उपरथी ते सोळमा सैकानी लागे छे. आ प्रत पहेलीनी तुलनाए अशुद्ध छे. मूळ प्रतीक वांचीने लखवामां पण लहियानी घणी भूलो थयेली छे. जेम के—चतुर्थी अने षष्ठी विभक्तिनो अर्थ व्यक्त करता '°हूइ'ने स्थाने तेणे सर्वत्र 'हुइं' लख्युं छे. केटलीक वार तो आखी पंक्तिओ लहियाना प्रमादने लीधे पडी गयेली छे, जेनो यथास्थान निर्देश कर्यो छे.

( ३ ) जिनसागरसूरिना बालावबोधनी प्रतनो अनुक्रमांक १०१५ छे. एनुं कद १२"×४॥" छे अने पत्र १४ छे. मात्र पहेला पृष्ठ उपर २० पंक्ति लखेली छे, बाकीनां बधां पृष्ठ उपर १९ पंक्तिओ छे. 'षष्टिशतक'नो बालावबोध आ पोथीमां १२मा पत्रना पहेला पृष्ठ उपर पहेली पंक्तिमां पूरो थाय छे; ए पछी पोथीना अंतभाग सुधी 'गौतमपृच्छा'नो बालावबोध लखायेलो छे, जेमां कर्तानुं नाम नथी. आ प्रतिमां लिपिनो मरोड घणो सुन्दर छे.

लेखनवर्ष नथी, पण लिपि उपरथी प्रति सोळमा शतकमां लखायेली जणाय छे.

( ४ ) मेरुसुन्दर उपाध्यायना बालावबोधनी प्रतनो अनुक्रमांक ३८८२ छे. एनुं कद १०।"×४।।" अने पत्र १६ छे. प्रत्येक पृष्ठ उपर १५ पंक्तिओ लखेली छे. प्रति शुद्ध छे. लेखनवर्ष नथी, परन्तु लिपि उपरथी ते पण सोळमा सैकामां लखायेली जणाय छे.

आम सोमसुन्दरसूरिकृत बालावबोधनी ज बे प्रतो होवाथी ए ज बालावबोधनां पाठान्तरो नोंधी शकायां छे. एमां सं. १५१३ वाळी प्रतने मुख्य प्रत तरीके स्वीकारी छे अने बीजी प्रतना पाठभेदो टिप्पणमां टांक्या छे. पण 'धरीइ-धरीइं,' 'अनइ-अनइं,' 'तीणइ-तीणइं,' 'विषइ-विषइं,' ए प्रकारना पाठभेदो के जे जूनी गुजरातीमां बहु विपुल छे ते नोंध्या नथी.

'षष्टिशतक'नी मूल प्राकृत गाथानी बालावबोधकारोए करेली प्रस्तावना, पछी मूळ गाथा तथा ते पछी अनुक्रमे त्रण बालावबोधो ए प्रमाणेनो क्रम मुद्रणमां राखेलो छे. एमां **[ सो. ]**, **[ जि. ]** अने **[ मे. ]** ए संक्षेपो वडे अनुक्रमे सोमसुन्दर, जिनसागर अने मेरुसुन्दर ए त्रण बालावबोधकारो समजवाना छे.

'षष्टिशतक'नी मूल गाथाओनो पाठ पण सं. १५१३ वाळी प्रत प्रमाणे स्वीकारीने बीजी प्रतमां क्वचित् मळता अन्य पाठो नोंध्या छे. एमां पण 'एअं-एयं,' 'सअल-सयल,' जेवा पाठो जेमां उद्वृत्त स्वरनो लघुप्रयत्न 'य'कार थई जाय छे ए नोंध्या नथी. सोमसुन्दरसूरिना बालावबोधनी आ बीजी प्रतनो निर्देश कां तो वीगतथी अथवा '**सो.**' एम संक्षेपथी टिप्पणमां कर्यो छे. मूळ गाथाओनां पाठान्तरो जिनसागर-सूरि अने मेरुसुन्दरमां कवचित् मळे छे त्यां एमनो उल्लेख '**जि.**'

तथा '**मे.**' ए प्रमाणेना संक्षेपना निर्देशपूर्वक कर्यो छे. बालावबोधकारोए आपेलां अवतरणोनां मूळ स्थानो ज्यां खोळी शकायां छे त्यां तेमनो निर्देश कौंसमां कर्यो छे.

श्रीहेमचन्द्राचार्य ज्ञानमन्दिरनी आ बधी हाथप्रतो उपयोग माटे मेळवी आपवा माटे पू. मुनिश्री पुण्यविजयजीनो तथा ज्ञानमन्दिरना व्यवस्थापकोनो हुं उपकार मानुं छुं.

**परिशिष्टो**—अगाउ कह्युं छे ते प्रमाणे, नेमिचन्द्र भंडारीनी बे कृतिओ आ ग्रन्थना परिशिष्ट तरीके लेवामां आवी छे—एक छे उत्तरकालीन अपभ्रंशमां रचायेलुं 'जिनवल्लभसूरि गुरुगुणवर्णन' अने बीजी छे प्राकृत 'पार्श्वनाथ स्तोत्र.'

(१) 'जिनवल्लभसूरि गुरुगुणवर्णन' जेसलमेरना बडा भंडारमांनी बे पानानी प्रतमांथी मळ्युं छे. ए बे पत्र उपर पत्रांक ८९-९० लख्या छे, तेथी अनुमान थाय छे के ते कोई सळंग मोटी हाथप्रतनो अंश छे. ९० अंकवाळा पत्रना बीजा पृष्ठनो अर्धा करतां वधारे भाग कोरो छे, तेथी लागे छे के मूळ सळंग पोथीनुं आ छेल्लुं पत्र हशे. लिपि उपरथी प्रति पंदरमा सैकामां लखायेली जणाय छे. एनी पुष्पिकामां खरतरगच्छना जे आचार्योनां नाम आप्यां छे एमां छेल्लुं नाम सागरचन्द्रसूरिनुं छे, तेथी ए आचार्यना जीवनकाळमां एनी नकल थई हशे एवो स्वाभाविक तर्क थाय छे. सागरचन्द्रसूरिनुं अवसान सं. १४९१मां थयुं हतुं ('खरतरगच्छ पट्टावलीसंग्रह,' पृ. ३२), एटले एनाथी थोडां वर्ष पहेलां प्रति लखाई हशे.

श्री. अगरचंद नाहटासंपादित 'ऐतिहासिक जैन काव्यसंग्रह' (पृ. ३६९-७२)मां आ काव्य छपायुं छे. जो के एमां उपयोगमां लेवायेली प्रति करतां जेसलमेरवाळी प्रति निःशंकपणे जूनी छे. श्री. नाहटानी वाचनानां पाठान्तरो टिप्पणमां नोंध्यां छे.

( २ ) नेमिचन्द्र भंडारीकृत ' पार्श्वनाथ स्तोत्र ' अहीं प्रथम वार प्रसिद्ध थाय छे. गुजरात विद्यासभा ( अमदावाद )ना हस्तलिखित पुस्तकसंग्रहमां एक प्राचीन जैन संग्रहपोथीनां ३६१ थी ३९४ सुधीमां पत्र छे, जेमां प्रकीर्ण संस्कृत-प्राकृत स्तोत्रादि लखेलां छे. एमां पत्र ३७८-७९ उपर आ ' पार्श्वनाथ स्तोत्र ' छे.

आ पोथीना पत्र ३९४ उपर ' महावीर स्तुति 'नी नकल पूरी थाय छे तेने अंते नीचे प्रमाणे पुष्पिका छे—

श्रीमहावीरस्तुतिः । कृतिरियं श्रीदेवमूर्त्युपाध्यायानां संवत् १३८७ वर्षे कार्तिक शुदि १० सोमवारे.... भसापुरे श्रीजिनप्रबोधसूरिशिष्येण आनन्द-मूर्त्तिना लिखितं ॥

' पार्श्वनाथ स्तोत्र ' तो आनी पहेलां, पत्र ३७८-७९ उपर, लखायेलुं छे, एटले एनी नकल पण सं. १३८७ना कारतक सुद १० पहेलां क्यारेक थयेली होवी जोईए.

त्रणे बालावबोधो तथा ' जिनवल्लभसूरि गुरुगुणवर्णन 'मांना नोंध-पात्र शब्दोनो कोश पुस्तकने अंते उमेर्यो छे. वडोदरा विश्वविद्यालयना गुजराती विभागना श्री. इन्द्रवदन अंबालाल दवे, एम. ए. एमणे शब्दकोश तैयार करवामां केटलीक सहाय करी हती ए वस्तुनी अहीं साभार नोंध लेवामां आवे छे.

---

## अनुलेख

प्रस्तावनानां पृ. २०-२२नां बीबां गोठवाई गया पछी, ऊंझाना महाजनना हस्तलिखित पुस्तकभंडारमांथी, पू. मुनिश्री पुण्यविजयजीना सौजन्यथी ' विदग्धमुखमंडन 'ना मेरुसुन्दर उपाध्यायकृत बालावबोधनी सं. १६७२ मां नकल थयेली एक संपूर्ण प्रति मळी छे. जोधपुरवाळी

प्रति अपूर्ण होवाथी एमांथी आ कृतिनो अंतभाग मळतो नहोतो, ते आमांथी मळे छे. ऊंझानी प्रति अनुसार, आ बालावबोधनो अंतभाग नीचे प्रमाणे छे—

**सदागती**त्यादि* । अयं दीनः अस्तं एष्यति । ए दीप अस्त पामिसिइ । कीदृशः । सदागतिहतोच्छ्रायः सदा नित्यमेव गति गमनि करी हत हणिउ उच्छ्राय उद्यम छइ । तमसः वश्यता । तमहूइं वश्यपणूंउ छइ । विधुरेकः शिवस्थितः । विधुर विह्वल तां कुण शिवस्थित कल्याणवंत ते । अपि तु नही को । द्वि० । अयं दीपः अस्तं एष्यति । ए दीप अस्त पामिसिइ । कीदृशः । सदागतिहतोच्छ्रायः । सदागति वायुइ हत हणिउ उच्छ्राय छइ । तमसो वश्यतां गतः । तम अंधारहूइं वश्यतां पामिउ छइ । एको विधुः शिवस्थितः । एक विधु चंद्रमा शिव श्रीमहादेवनइ विषयि स्थित छइ ॥ छ ॥ ६९ ॥

**पूर्णचन्द्रे**त्यादि । निर्मलांबरा कामिनी कस्य स्वांतं मनः एकान्तमदनोत्तरं न करोति । अपि तु सर्वस्यापि करोति । निर्मल अंबर वस्त्र इसी कामिनी स्त्री काहिंनूं स्वांत मन एकांति मदनोत्तर मदनाधिक्य न करइ । अपि तु सविहुनूं करइ । कीदृशी । पूर्णचंद्रमुखी । पूर्णिमाना चंद्रमावत् मुख छइ । रम्या मनोहरा द्वि० यामिनी रात्रिः कस्य स्वान्तं एकान्तमदनोत्तरं न करोति । अपि तु सर्वस्यापि करोति । कीदृशी । पूर्णचन्द्रमुखी । संपूर्णचंद्र जि भणित मुख छइ । रम्या रमणीया निर्मलांबरा । निर्मल अंबर आकाश छइ ॥ छ ॥ ७० च्युतदत्ताक्षरजाति ॥ छ ॥

इति श्रीधर्मदासविरचितविदग्धमुखमंडनकाव्यस्य वृत्तिरियं समाप्ता । ग्रंथाग्रं १४५४ संवत् १६७२ वर्षे ।

---

* ऊंझानी हाथप्रतमां मूलना आखा श्लोको नहि आपतां आ प्रमाणे केवळ मूलनां प्रतीको टांक्यां छे.



सोमसुन्दरसूरिकृत बालावबोधनी सं. १५१३मां लखायेली हस्तप्रतनुं अंतिम पत्र



जिनसागरसूरिकृत बालावबोधनी हस्तप्रतनुं अंतिम पत्र [ त्रीजी पंक्तिमां पुष्पिका समाप्त थाय छे. ]



मेरुसुन्दरकृत बालावबोधनी हस्तप्रतनुं अंतिम पत्र

# नेमिचन्द्र भंडारी-विरचित

# षष्टिशतक प्रकरण

## त्रण बालावबोध सहित

[सो.] सिरिवद्धमाणजिणवरपाए निअगुरुपए य नमिऊण ।
सट्ठिसयस्स य एयं वक्खाणं किंपि जंपेमि ॥ १ ॥
नात्रोक्तिमेलो न विभक्तियुक्तिः क्रियादियोगोऽपि च नो विलोक्यः ।
भावार्थसारैर्विधीयतैषा वृत्तिर्मया मुग्धविबोधनार्थम् ॥ २ ॥

**नेमिचन्द्र भंडारी** पहिलउं तिस्यउ[1] धर्म्म न जाणतउ । पछइ श्री**जिनवल्लभसूरि**ना गुण सांभली[2] अनइ तेहना कीधा **पिंडविशुद्धि**प्रमुख ग्रंथनइं परिचइं साचउ धर्म्म जाणिउ । तउ तीणं[3] श्रीधर्म सघलाइना मूल भणी श्रीसम्यक्त्वनी शुद्धि अनइ तेहनी दृढतानइ काजि १६० गाथा कीधी । सारभूत तिहां पहिलूं सर्व धर्म्म-माहि सारतत्त्वभूत च्यारि बोल पहिली गाहइं[4] कहि[5] छइ ॥

[जि.] श्रीगुणवितः फलिनः सुरद्रुसदृशोऽभितो महात्मानः ।
विजया भूर्वृषभाद्या अपि ददतां मंगलं नित्यम् ॥ १ ॥*
श्री**नेमिचन्द्र**विरचितचंचद्वैराग्यरङ्गकस्यैषा ।
श्री**जिनसागर**प्रभुणा बालावबोधाख्या ॥ २ ॥
**षष्टिशता**ख्यप्रकरणव्याख्या प्रस्तूयतेऽत्र नव्येयम् ।
भव्यजनबोधहेतोर्वार्त्तारूपा विशुद्धा च ॥ ३ ॥

---

१ तिस्यउं. २ संभाली. ३ तीणइ. ४ गाहइ. ५ कइ.

* आ तथा आ पछीनो श्लोक मूल प्रतमां आम अशुद्ध ज प्राप्त थाय छे.

तथा हि। श्रीखरतरगच्छि श्रीजिनेश्वरसूरिनइ पिताइं श्रीनेमिचन्द्र भंडारी श्रावकि विधिपक्षस्थापक ए साठिसउ ग्रन्थ कीधउ। तिहां धुरि सर्व विघ्नोपशान्त्यर्थ इष्टदेवतानमस्काररूप नामग्रहणपूर्वक सम्यक्त्वस्थापक ग्रन्थकार प्रथम गाथा कहइ छइ ॥

[मे.] सयलसुरासुरनमियं पासजिणं पणमिऊण भावेणं।
बालाण बोहणत्थं पयडं विवरेमि सट्ठिसयं ॥ १ ॥

इहां श्रीखरतरगच्छि निरुपमगुणनिधान श्रीजिनवल्लभसूरिनइ पाटि श्रीजिनदत्तसूरि। तेहनइ पाटि श्रीजिनचन्द्रसूरि। तत्पट्टालंकार श्रीजिनपत्तिसूरि श्रीपत्तननगरमाहि विजयवंत वर्त्तइं। इसइ प्रस्तावि मरुदेशमंडन मरोटि नगरि श्रीनेमिचन्द्र भंडारी भार्या लखमिणि पुत्र आंबड सहित सुखिइं वसइं। अन्यदा प्रस्तावि गाथा १ नेमिचन्द्र भंडारीइ व्याख्यान माहि सांभलि। ति किसी।

अक्खंडियचारित्तो वयगहणाउ जो भवे निच्चं।
तस्स सगासे दंसण वयगहणं सोहिगहणं च ॥ १ ॥

ए गाथा सांभलीनइ आलोअणनी इच्छाइं बार वरस सीस-सुगुरुनी परीक्षा जोअतउ २ पत्तन नगरि आव्यउ। सगली पोसालइं द्रव्य क्षेत्र काल भावनइ मेलि सुगुरु अणलहतउ मनमाहि चिन्ता धरतउ हाट एकनइ थडइ बइठउ छइ। इसइ प्रस्तावि श्रावक पांच-सात श्रीजिनपत्तिसूरिना गुण वर्णवता सांभली पूछ्या। तुम्हे केहना गुण कहउ छउ? तेहे श्रीजिनपत्तिसूरिना गुण कह्या। पछइ तींह श्रावकां संघाति पोसालइं आवी गुरुनी देसना सांभली। गुरुनां लक्षण ईर्यासमिति प्रमुख जोअतउ रात्रिइं पोसालनइ खूणइ सूतउ २ चींतवइ। एतां दिवसमाहि प्रमादनउं कारणु न दीठउं। रात्रिं तउ पउंजता जइणाइं हीडइं छइं। सिध्याइं ध्यान करइं छइं। पणि वार २ महातमा ढूंढीमाहि

जाइं। तिहां कांइ कारण संभावीइ। पछइ पाछिली रात्रिनी पोरसिइं तेहमाहि पइसी राष वेलू तेल देषी। थोडी थोडी वस्तु गांठिं बांधी सूतउ। प्रभाति पोसाल बाहिरि जई जउ जोअइ तउ वेलू राष तेल दीठा। विस्मय ऊपनइ भोलउ चेलउ पूछिउ। ए सिइ काजि आवइ? चेलइ सर्व बात कही। वेलू वर्त्तिवानइ काजि। रक्षा जीवजइणानइ काजि। तेल लेपनइ काजि। इम संदेह भागउ। पच्छइ प्रगट हुइं सिद्धांततत्त्व सांभली श्रीसम्यक्त्वमूल बार व्रत पडिवजी **भरोढि** पाछउ आवी जान करी **आंबड** पुत्रनइं साथिं लेई गुरु समीपि आवी महामहोत्सवपूर्वक पुत्रनइं दीक्षादि वरावी। ते क्रमिइं २ भणतां गुणतां चारित्र पालतां श्री**जिनेश्वरसूरि** हूया। पछइ **नेमिचन्द्र भंडारीइं** श्री**जिन-पत्तिसूरि**नी रीति देषी। श्री**जिनवल्लभसूरि**ना कीधा **पिंड-विशुद्धि**प्रमुख ग्रन्थ सांभली ते गुरुनां वचन सर्व सिद्धान्तनइं मिलतां जाणी आस्था ऊपनी। सम्यक्त्वनी दृढतानइ काजि परोपकार भणी साठिसउ गाथारूप ग्रन्थु कीधउ। हिव ते गाथा लोकनइं समझाविवा भणी श्री**जिनचन्द्रसूरि**नइ आदेसि **वणारीसि मेरुसुन्दरि** गणिइं वार्त्ता बालावबोध संक्षेपिं कीजइ। तिहां धुरि च्यारि बोल सारभूत कहीइं॥

**अरिहं देवो सुगुरु सुद्धं धम्मं च पंचनवकारो।**
**धन्नाण कयत्थाणं निरंतरं वसइ हिययम्मि॥ १॥**

[**सो.**] एक श्रीअरिहंत वीतरागदेव[1] बीजा सुगुरु शुद्ध चारित्रिया शुद्धमार्गप्ररूपक गुरु[2] त्रीजउ शुद्ध धर्म जीवदयामूल कर्म-क्षयहेतु धर्म चउथउ पंचपरमेष्ठिनमस्कार सर्व सिद्धांतमाहि सार सर्व-पापक्षयंकर महामंत्र नउकार। ए च्यारि बोल सर्व जगत्[3] अनइ सर्व धर्म्ममाहि सार कुणह एक धन्य उत्तम भव्य अनइ कृतार्थ भाग्यवंत

१ °देवा. २ गरु. ३ जग.

आसन्नसिद्धि कइजिनइ हियइ निरंतर सदैव वसइ। अभागीआ अभव्य दूरभव्य जीव ए एकइ बोल न प्रामइं ॥ १ ॥

**[ जि. ]** समस्त धर्ममाहे मूलिगउ सम्यक्त्व धर्म तिणि कारणि सम्यक्त्व जाणावइ। अरिहंत देव ते किसु। राग द्वेष मोह मद मत्सर अहंकार प्रमुख दोष जेह माहे न हुइं। अंतरंग वइरी जिणि जीता हण्या ते अरहंत कहीइ। अनइ सुगुरु सुसाधु गुरु जे नीराग निःस्पृह क्षमावंत शान्त दान्त जितिंद्रिय निःकाम तपि करी दुर्बल। सम तृण मणि लोष्टु कांचन। सम शत्रु मित्र। साचउ धर्माक्षरनउ कहणहार। चातुर्गतिक संसार हूंतउ अहर्निश संजम चारित्र अभिग्रह पालइ। ते सुगुरु कहीइ। तथा चोक्तं।

अक्खरु अक्खइ कंपि न ईहइ। चउग्गइ भवसंसारह बीहइ।
संजम नियमह खणि नवि चूकइ। ए साधम्मिय सुहगुरु वुच्चइ ॥ १ ॥

**सुद्धं धम्मं।** जीवदयामूल धर्म। तथा चोक्तं।

दुःखं पापात् सुखं धर्मात् सर्वदर्शनसंमतम्।
न कर्त्तव्यमतः पापं कर्त्तव्यो धर्मसङ्ग्रहः ॥ २ ॥

ए त्रिहुं मिली सम्यक्त्व कहीइ। अनइ वली नउकारहूइं मोटाइ देखालिवा भणी **पंच नवकारो** पंचपरमेष्टिनमस्कार चऊद पूर्वनउं सार कहीइ। ए च्यारइ अरहंत सुसाधु गुरु जिनप्रणीत धर्मरूप सम्यक्त्व अनइ नउकार। **कयत्थाणं** कृतार्थ कृतकृत्य **धन्नाणं** धन्य भाग्यवंत पुरुषने हिय वसइ। **निरंतर** सदैव ॥ १ ॥

**[ मे. ]** अरिहंत देव सुसाधु गुरु अनइ सूधउं वीतरागनउं भाषिउं धर्म पंचपरमेष्टि नवकार ए च्यारि बोल धन्य भाग्यवंत कृतार्थ कीधा अर्थ संसार संबंधीया जेहे तींहनइ हीइ सदाइ वसइ। पणि बहुल संसारी जीवनइ हीइ कांई वसइ नहीं ॥ १ ॥

**[सो.]** हिव जे जीव घणु धर्म्म करी न सकइ तेहहूइ तत्त्व कहीइ[1] छइ ।

**[जि.]** सम्यक्त्वहूइं सुखाराध्यपणउं कहइ ।

**[मे.]** हिव आत्मानइं सीष कहइ ।

**जइ न कुणसि तवचरणं न पढसि न गुणेसि देसि नो दाणं ।**
**ता इत्तियं न सक्कसि जं देवो इक्क[2] अरिहंतो[3] ॥२॥**

